# આધ્યાત્મિક જન્મોત્સવ શા માટે?

("કડવું અમૃત" પુસ્તકમાંથી સાભાર)

ઓમ્પરિવારમાં ભિક્ષુઓનો આધ્યાત્મિક જન્મદિવસ ઊજવીએ છીએ. શા માટે ? તેથી શું ફાયદો ? તે સમજવાનો થોડો પ્રયત્ન કરીએ. તે દિવસને નામકરણવિધિ-દિવસ પણ કહીએ છીએ. કારણકે તે દિવસે તેઓને આધ્યાત્મિક નામ આપવામાં આવેલાં.

જે દિવસથી આધ્યાત્મિક નામ મળે તે દિવસથી વિશેષરૂપે આધ્યાત્મિક જીવન જીવવાનો પ્રયત્ન કરવાનો છે. આધ્યાત્મિક નામ આવા પ્રયત્નની સતત યાદ આપ્યા કરે છે. આધ્યાત્મિક નામ એ કોઈ સંન્યસ્તદીક્ષા, કે શિષ્યદીક્ષા, કે શક્તિપાતદીક્ષા, કે મંત્રદીક્ષા; એવું કોઈ સ્થૂળ વિધિવિધાન નથી; અને છતાં સૂક્ષ્મ રીતે જોતાં તેમાં ઘણું બધું સંનિહિત છે. એ નામધારીએ કોઈપણ પ્રકારનું બાહ્ય-સ્થૂળ પરિવર્તન લાવવાનું અતિ આવશ્યક નથી. આધ્યાત્મિક નામ એ તો પોતાના અખંડ પ્રેમ અને શ્રદ્ધાના પ્રતીક સમા પોતાના સમર્થ ગુરુ, સંતો અને શ્રદ્ધેયો તરફથી મળતી પ્રેમપ્રસાદી છે; કે જે પ્રેમ અને શ્રદ્ધાથી સિંચાયેલ આધ્યાત્મિક પ્રેરણાની અભંગ યાદ આપીને અખંડ સાવધાન રાખ્યા કરે છે. પ્રેમ-શ્રદ્ધાની પ્રેરણારૂપી માતૃવત્ યાદથી મનુષ્ય કઠિન કાર્યો અતિ સરળતાથી પાર પાડી શકે છે.

વળી, આધ્યાત્મિક નામ એ આધ્યાત્મિક કલ્યાણકારી જવાબદારી સ્વીકાર્યાની યાદ છે, સંમતિ છે. આધ્યાત્મિક શૂરવીરો માટે, ગુરુસંતપ્રેમીઓ માટે અને મનુષ્યજન્મની સાર્થકતા કરવાની પ્રતિજ્ઞા પૂરી કરવા કટીબદ્ધ થયેલા ભડવીરો માટે આવી જવાબદારી અમૃતકુંભ સમાન છે; અને કાયરો માટે, વેપારીવૃત્તિવાળા જીવો માટે તથા શરીરરખાઓ માટે એટલે કે વ્યક્તિગત શરીરસુખમાં રાચનારાઓ માટે આવી જવાબદારી કાંટાળા તાજ સમાન છે. આધ્યાત્મિક નામધારી વ્યક્તિ પોતાના અભિમાનને ક્રમેક્રમે વ્યક્તિ, કુટુંબ, સમાજ, ગામ, દેશ, રાષ્ટ્ર અને દુનિયામાં ઓતપ્રોત કરતો કરતો આખરે લય કરીને મોક્ષને - આત્યંતિક સુખને પ્રાપ્ત કરી લે છે.

નામકરણદિવસ ઊજવીએ છીએ. ઊજવીને કલ્યાણકારી સંકલ્પોની યાદ દર વર્ષે તાજી કરીએ છીએ. જાહેર ઉજવણીના કારણે અનેકોને તેમાંથી પ્રેરણા મળે છે. તે જોઈને ઘણાબધાને એમ થાય છે કે આપણે પણ બહુજનહિતાય-બહુજનસુખાયનાં કાર્યો કરીને આધ્યાત્મિક નામને યોગ્ય બનીએ. જેને આધ્યાત્મિક નામ મળે છે એ સિવાય ઓમ્પરિવારમાં બીજા કોઈ અધિકારી જ નથી એવું નથી. ઓમ્પરિવારથી વ્યાપેલા દેશ અને દુનિયામાં અનેક ગુપ્ત અધિકારીઓ છે. જે દિવસે ભિક્ષુઓનો આધ્યાત્મિક જન્મોત્સવ ઊજવીએ છીએ તે જ દિવસે સાથે સાથે ગુપ્ત ભિક્ષુઓનો - ગુપ્ત અધિકારીઓનો પણ આધ્યાત્મિક જન્મોત્સવ અનાયાસે જ ઊજવાઈ જાય છે. તેથી દરેક ગુરુસંતપ્રેમીઓએ, દરેક સંપ્રદાયપ્રેમીઓએ, દરેક કલ્યાણકામીઓએ તથા દરેક સદ્રૂભદ્રપુરુષોએ આવા ઉત્સવોમાં અચૂક હાજરી આપવી જોઈએ; તેને પોતાની ફરજ સમજવી જોઈએ. તેથી આયોજકોના ઉત્સાહમાં અભિવૃદ્ધિ થાય છે અને ગુપ્ત ભિક્ષુઓને પ્રેરણા તથા પુષ્ટિ મળે છે.

"આધ્યાત્મિક જન્મદિવસ ઉત્સવ" એ કોઈ વ્યક્તિગત ઉત્સવ નથી. જેમના નામથી એ ઉત્સવ ઊજવાય છે તેઓ તો માત્ર એક નિમિત્ત છે, તેઓ તો માત્ર આખા સિંધુનું એક બિંદુ છે, તેઓ તો માત્ર સર્વે કલ્યાણકામીઓના પ્રતિનિધિ છે. તે દિવસે તેઓનું સન્માન કરીને ભેટ-પ્રસાદીરૂપે વસ્ત્ર ઇત્યાદિ જે કાંઈ આપીએ છીએ તે તો સર્વે અધિકારીઓના સન્માન બરાબર અને સર્વેને ભેટ આપવા બરાબર છે. તે દિવસ, એ તો, એ રીતે સમસ્ત વિશ્વના અધિકારીઓને સન્માનીને સ્વયં આપણે પોતે સંતોષાવાનો અને લહાવો લેવાનો દિવસ છે.

તે દિવસ નિમિત્તે જે કોઈ યથાશક્તિ-યથામતિ પોતાના તન-મન-ધનનો, વિચાર-વાણી-વર્તનનો વ્યય કરે છે તે કર્મરાજના ચોપડામાં અચૂક જમા થાય છે. સત્કર્મોનું ફળ સુખ અને અસત્કર્મોનું ફળ દુઃખ એ ન્યાયે તે જમા થયેલ સત્કર્મો અચૂક સુખની પ્રાપ્તિ કરાવે છે. સૂક્ષ્મ સમજણના અભાવે ભલે તે અત્યારે સ્થૂળ રીતે દેખાય નહીં.

તે દિવસે જેમને આપણે સન્માનીએ છીએ તેમને નથી તો સન્માનની ઇચ્છા કે નથી તો ભિક્ષુ તરીકે ઓળખાવાની ઇચ્છા. છતાંય તેઓ પોતાના આધ્યાત્મિક આપ્તપુરુષોની તૃપ્તિ અર્થે બધા જ કર્મકાંડનો સહર્ષ સ્વીકાર કરે છે. ધન્ય છે તેઓને! લોકસંગ્રહ માટે આવા પ્રસંગોની અગત્ય તેઓ જાણે છે.

ઓમ્‌પરમાત્માની કૃપાથી સૌ સાચા ભિક્ષુ અને સાચા આધ્યાત્મિક બનીએ. ભિક્ષુ એટલે જે ભિક્ષુક-ભિખારી-માંગણ નથી તે. આધ્યાત્મિક એટલે જે આત્મા વિષે વધુમાં વધુ જાણે છે તે.

માતા દ્વારા સ્થૂળ-ભૌતિક શરીરનો જન્મ તે પ્રથમ જન્મ છે. ગુરુસંતોના નિઃસ્વાર્થ પ્રેમની પ્રાપ્તિ તે બીજો જન્મ છે; તે સંસ્કારજન્મ કે આધ્યાત્મિક જન્મ કહેવાય છે. સ્થૂળ શરીરના જન્મને જેટલાં વર્ષો થાય તે તેની ભૌતિક આયુ કહેવાય છે અને આધ્યાત્મિક જન્મદિવસથી આધ્યાત્મિક આયુષ્યની ગણતરી કરાય છે. આધ્યાત્મિક આયુષ્ય ચાહે એક વર્ષનું હોય કે અનેક, તે અતિ મહત્ત્વનું છે.

રોતાં રોતાં આવ્યાં જગે, સર્વ કહે વધાવીએ;
એવાં કર્મો કરીએ હવે, હસતાં હસતાં સિધાવીએ.

ગુરુજનો માટે તેમના સાચા શિષ્યો એ જ તેમની ગુપ્ત-દિવ્ય નિધિ છે; તેમ ગુપ્ત ભિક્ષુઓ, જાહેર ભિક્ષુઓની ગુપ્ત-દિવ્ય સિદ્ધિ છે. ગુપ્ત ભિક્ષુઓ, જાહેર ભિક્ષુઓના જબરજસ્ત અભંગ આધારસ્તંભો છે; તો જાહેર ભિક્ષુગણ પોતાના ખભા ઉપર સદા યશ-અપયશનો અને નિંદા-પ્રશંસાનો ભાર ઉપાડીને ગુપ્ત ભિક્ષુગણને સદા મુક્ત અને હળવા ફૂલ રાખતા વજ્રખંભો છે; બંને પ્રકારના ભિક્ષુગણ પરસ્પર પુષ્ટિદાતા અને શક્તિપ્રદાતા છે. બેમાંથી એકની ગેરહાજરી એ અપૂર્ણતા છે. બંનેના સંમિલનથી જ એક અખંડ અસ્તિત્વ ઊપસે છે.

ઉપરોક્ત બે સિવાય એક ત્રીજા પણ છે. તેમને અતિ ગુપ્ત ભિક્ષુ અથવા અતિ ગુપ્ત અધિકારી કહી શકીએ. જેમ પક્ષીગણ દૂર રહ્યે રહ્યે પોતાનાં ઈંડાંને પોષે છે અને સેવે છે તેમ અતિ ગુપ્ત ભિક્ષુઓ પણ બંને ભિક્ષુઓ તરફ અને સર્વે તરફ વર્તે છે. અતિ ગુપ્ત ભિક્ષુઓ તેમના નામ પ્રમાણે અતિ ગુપ્ત રહે છે. તેમની કોઈને કાંઈ ખબર પડતી નથી. તેઓ હંમેશા અનાયાસે જ, સ્વભાવથી જ અતિ ગુપ્ત રહે છે અને છતાં ઘણી મોટી અને ઘણી મહત્ત્વની જવાબદારી સંભાળે છે. ત્રણેય ભિક્ષુઓ, ત્રણેય અધિકારીઓ પોતપોતાના ક્ષેત્રમાં મહાન છે. તુલનાત્મક દૃષ્ટિએ જોતાં ત્રણેમાંથી કોઈ નાનું કે કોઈ મોટું નથી. જેમ શરીરમાં બધાં અંગોની જરૂર છે, બધાં અંગોનું મહત્ત્વ છે તેમ ઓમ્‌પરિવારમાં પણ - આધ્યાત્મિક જગતમાં પણ ત્રણેયની સમાન અગત્ય છે.

ઉપરોક્ત ત્રણેમાંથી કોઈપણ પ્રકારની જવાબદારી આપણા શિરે આવે ત્યારે તેને સહર્ષ પૂર્ણ કરવા કટીબદ્ધ રહીએ.